*હિસાબ નિયામકશ્રીની કચેરી*

**આણંદ કૃષિ યુનિવર્સિટી**

<u>આણંદ – ૩૮૮ ૧૧૦.</u>

| |
|---|
| ***અધર એજન્સી તથા આઈ.સી.એ.આર. યોજનાઓની ગ્રાન્ટ પુનઃજીવીત કરવા અંગે*** |

## પરિપત્ર

આથી તમામ યુનિટ/સબ–યુનિટ અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે કે સને ૨૦૧૪–૧૫નું નાણાંકીય વર્ષ પૂર્ણ થયેલ છે. તેથી વર્ષ ૨૦૧૪–૧૫ના વર્ષમાં ફાળવેલ ગ્રાન્ટ, વર્ષ દરમ્યાનની આવકો (મેળવણું કર્યા મુજબ), થયેલ ખર્ચ (મેળવણું થયેલ) તથા બચત રહેતી ગ્રાન્ટ ધ્યાને લઈ કુલ બચત રહેતી ગ્રાન્ટ ***પુનઃજીવીત*** કરવાની દરખાસ્ત, યોજના ચાલુ રહેવાની હોય, જેના દસ્તાવેજી આધારો ઉપલબ્ધ હોય, તો જ, તેવી યોજનાઓની દરખાસ્તો અત્રે ***<u>સંશોધન નિયામકશ્રી/વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની ભલામણ સહ</u>*** મોકલી આપવાની રહે છે.

જે યોજનાઓ બંધ થઈ ગયેલ હોય તો, તેવી યોજનાઓની બચત ગ્રાન્ટ સંબંધિત ફન્ડિંગ એજન્સીને પરત કરવા અથવા અન્ય યુનિવર્સિટી સદરે તબદીલ કરવા અંગે સંશોધન નિયામકશ્રી/વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, યુનિવર્સિટીની તમામ આઈ.સી.એ.આર./અધર એજન્સી યોજનાઓની ફન્ડિંગ એજન્સી વાઈઝ સમગ્ર માહિતી સંકલિત કરી, હિસાબ નિયામકશ્રીની સંમતિ લઈ, માન. કુલપતિશ્રીની મંજૂરી મેળવ્યા બાદ જ ફન્ડિંગ એજન્સીને પરત કરવા અથવા અન્ય સદરે તબદીલ કરવા અંગેની આગળની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. ***<u>વધુમાં જણાવવાનું કે, જો યોજનામાં ગ્રાન્ટ માઈનસ જતી હોય તો સંબંધિત ફન્ડિંગ એજન્સી પાસેથી મેળવી લેવાની જવાબદારી સંબંધિત યોજનાના ઈન્ચાર્જશ્રીની રહેશે, જેની નોંધ લેવી.</u>***

ઉપરોકત બાબત ધ્યાને લઈ, તમામ આધારો સહિત, સંશોધન નિયામકશ્રી/વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ભલામણ સહ સામેલ પત્રક મુજબ ગ્રાન્ટ પુનઃજીવીત કરવા માટે દરખાસ્ત કરવાની રહેશે તથા દરખાસ્ત કરતી વખતે *Audit Utilization Certificate*ની ખરી નકલ સામેલ કરવાની રહેશે.

| | |
|---|---|
| **નોંધઃ–** | ***વર્ષ ૨૦૧૫–૧૬માં અગાઉના વર્ષની બચત ગ્રાન્ટ રીવેલીડેશન કર્યા સિવાય કોઈ ખર્ચ કરી શકાશે નહીં, જેની નોંધ લેવા જણાવવામાં આવે છે.*** |

બિડાણઃ– ઉપર મુજબ.

(signature)
હિસાબ નિયામક

નં.આકૃયુ/કોમ્પ્ટ/બજેટ/Revalidation/ 35-38 /૧૫ તા.7–૪–૨૦૧૫

<u>નકલ રવાના પ્રતિ</u> :–

(૧) સંશોધન નિયામકશ્રી/ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.

(૨) સર્વે યુનિટ/ સબ–યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારૂ.

(૩) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.

<u>અધર એજન્સી તથા આઈ.સી.એ.આર. પ્રોજેકટ માટે ગ્રાન્ટ રીવેલીડેશનની દરખાસ્ત કરવા માટેનું પત્રક</u>

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | પ્રોજેકટનું નામ<br>(પ્રોજેકટનું નામ પૂરેપૂરું લખવું) | | : | |
| ૨. | બજેટ સદર | | : | |
| ૩. | પ્રોજેકટ ઈનચાર્જનું નામ/હોદ્દો/યુનિટનું નામ | | : | |
| ૪. | ફન્ડીંગ એજન્સીનું નામ | | : | |
| ૫. | પ્રોજેકટનો પીરીયડ | | : | |
| ૬. | પ્રોજેકટ શરૂ થયા તારીખ | | : | |
| ૭. | અ. | પ્રોજેકટની કુલ જોગવાઈ | : | |
| | બ. | પ્રોજેકટની વાર્ષિક જોગવાઈ | : | |
| ૮. | નાણાંકિય વર્ષમાં યુનિટ અધિકારી તથા ઉપાડ/ ચૂકવણાં અધિકારી તથા વહીવટી–વ–હિસાબી અધિકારીની સહીવાળું આવક તથા ખર્ચ પત્રક સામેલ રાખવું (પગાર–ભથ્થાં + રીકરીંગ + નોન–રીકરીંગ + બાંધકામ : કોમ્પોનન્ટવાઈઝ દર્શાવવી) | | : | |
| | (અ) | ઉઘડતી સિલક (રીવેલીડેટ કરેલ ગ્રાંટ અત્રેના દ.હુ.ની નકલ સહિત) | : | |
| | (બ) | (૧) ફાળવેલ ગ્રાન્ટ | : | |
| | | (૨) આવક | : | |
| | | *કુલ :–* | : | |
| | (ક) | થયેલ ખર્ચ (કોલમ નં.૮ મુજબ) | : | |
| | (ડ) | બચત રહેલ / રીવેલીડેટ કરવાની રકમ (કોમ્પોનન્ટવાઈઝ દર્શાવવું) | : | |
| ૯. | યોજનાના હેતુઓ સબબ બચત ગ્રાન્ટ રીવેલીડેટ કરવા અંગેના કારણો | | : | |
| ૧૦. | યુનિટ અધિકારીનો અભિપ્રાય | | : | |
| ૧૧. | રીવેલીડેટ માટે ફન્ડીંગ એજન્સીની મંજૂરી જરૂરી હોય તો તે અંગે કરેલ કાર્યવાહીની સંક્ષિપ્ત વિગતો | | | |
| ૧૧. | ૧૨મી પંચવર્ષિય યોજનામાં આ યોજના ચાલુ રાખવાના સંશોધન નિયામકશ્રીનો હુકમ / અભિપ્રાય | | : | |

પ્રોજેકટ ઈનચાર્જ

યુનિટ અધિકારી

***ગ્રાન્ટ રીવેલીડેટ કરવા ભલામણ છે.***

સંશોધન નિયામક